## 1. ભારતમાં વસ્તીવિતરણની પ્રાદેશિક વિભિન્નતાઓ વર્ણવો.

- વિશ્વમાં મોટા ભાગની વસ્તી બહુ થોડા જમીન વિસ્તાર પર વસે છે. વિશ્વની કુલ વસ્તીની લગભગ 90 % વસ્તી જમીન વિસ્તારના માત્ર 10 % ભાગમાં જ વસે છે. દક્ષિણ એશિયા અને પૂર્વ એશિયાના પ્રદેશો દુનિયાની વસ્તીના લગભગ અડધા કરતાં પણ વધારે હિસ્સાને સમાવે છે.
- દુનિયાની દર પાંચમી વ્યક્તિ ચીનમાં વસે છે. દક્ષિણ એશિયા, પૂર્વ એશિયા, પૂર્વમધ્યઉત્તર અમેરિકા અને પશ્ચિમ યુરોપ એ ચાર વિસ્તારો દુનિયાની સૌથી વધુ વસ્તી ધરાવે છે. એશિયા સૌથી વધારે અને ઑસ્ટ્રેલિયા તદ્દન ઓછી વસ્તીગીચતા ધરાવતા ભૂમિખંડ છે. વિશ્વમાં દર છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ભારત આફ્રિકા ખંડની કુલ વસ્તી કરતાં દોઢ ગણી અને યૂ.કે. કરતાં સાત ગણી વસ્તી ધરાવે છે.
- ભારતમાં વસ્તીવિતરણની પ્રાદેશિક વિભિન્નતાઓ : ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર આ બે રાજ્યોની વસ્તીનો સરવાળો કરીએ તો તે ભારતની લગભગ ચોથા ભાગની વસ્તી થાય છે. બિહાર રાજ્ય દેશના ક્ષેત્રફળનો 2.8 % વિસ્તાર ધરાવે છે, પણ વસ્તીની દૃષ્ટિએ ત્યાં દેશના 8.5 % લોકો વસે છે. વસ્તીની દૃષ્ટિએ દેશમાં સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય સિક્કિમ છે.
- સૌથી ઓછી વસ્તી ધરાવતો કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ છે. જમ્મુ અને કશ્મીર, અરુણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વસ્તીનું પ્રમાણ તેના વિશાળ ભૌગોલિક ક્ષેત્રફળની તુલનામાં ઘણું ઓછું છે. ભારતનાં 11 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેના ક્ષેત્રફળની તુલનામાં વસ્તીનું ભારણ રાષ્ટ્રીય સરેરાશથી ઊંચું છે. ક્ષેત્રફળની દૃષ્ટિએ રાજસ્થાન અને મધ્ય પ્રદેશ એ બે મોટાં રાજ્યો છે. પરંતુ તેમાં અનુક્રમે દેશની 5.6 % અને 6 % વસ્તી વસે છે.
- પાકિસ્તાન અને બાંગ્લાદેશની વસ્તી કરતાં ઉત્તર પ્રદેશ રાજ્યની વસ્તી વધારે છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને પશ્ચિમ બંગાળ આ ચાર રાજ્યોમાં દેશની કુલ વસ્તીનો ઘણો મોટો હિસ્સો વસે છે. દેશની સરેરાશ વસ્તીગીચતા 382 છે. જ્યારે અરુણાચલ પ્રદેશમાં સૌથી ઓછી વસ્તીગીચતા માત્ર 17 છે. વધુમાં વધુ વસ્તીગીચતા 11297 દિલ્લીની છે.

## 2. વસ્તીગીચતા પર અસર કરતાં ભૌગોલિક પરિબળો ચર્ચો.

- ભૌગોલિક પરિબળો, આર્થિક પરિબળો, સામાજિક અને ધાર્મિક પરિબળો તથા રાજકીય પરિબળો અસર કરે છે. વસ્તીગીચતા પર અસર કરતાં ભૌગોલિક પરિબળો તપાસીએ. અક્ષાંશ, ભૂપૃષ્ઠ, આબોહવા, જમીન વગેરે ભૌગોલિક પરિબળો છે, જે વસ્તીગીચતા પર અસર કરે છે.

  1. અક્ષાંશ : ઊંચા અક્ષાંશવાળા પ્રદેશોમાં તાપમાન નીચું રહે છે. તેથી ત્યાં અતિશય ઠંડી હોવાના કારણે માનવ વસ્તી ઓછી હોય છે. અલાસ્કા અને સાઈબીરિયા તેનાં ઉત્તમ ઉદાહરણો છે. સમશીતોષ્ણ કટિબંધની આબોહવા માનવજીવન માટે ખૂબ જ અનુકૂળ હોવાથી અહીં વસ્તીનું પ્રમાણ વધુ છે.

  2. ભૂપૃષ્ઠ : ઊંચાઈવાળાં ક્ષેત્રો માનવવસવાટ માટે પ્રતિકૂળ છે. અહીં સમતલ ભૂમિ, સિંચાઈની સગવડો કે પરિવહન સેવાઓનો અભાવ હોવાથી વસ્તીનું પ્રમાણ અલ્પ માત્રામાં હોય છે. ઊંચાઈવાળાં ક્ષેત્રોની તુલનામાં સપાટ મેદાની પ્રદેશોમાં ખેતી, પરિવહન, ફળદ્રુપ જમીન, પાણીનો પુરવઠો વગેરે નૈસર્ગિક અનુકૂળતાઓને કારણે આવા મેદાની વિસ્તારોમાં વસ્તી ખૂબ ગીચ હોય છે.

3. આબોહવા : રણપ્રદેશોની વિષમ આબોહવા, ધ્રુવપ્રદેશોની અતિશય ઠંડી, વિષુવવૃત્તીય જંગલોની ગરમ અને ભેજવાળી આબોહવા માનવવસવાટ માટે પ્રતિકૂળ છે. સમશીતોષ્ણ કટિબંધની સમધાત આબોહવા અને મોસમી આબોહવા ધરાવતા પ્રદેશોની આબોહવા માનવજીવન માટે અનુકૂળ હોવાથી અહીં વસ્તીનું પ્રમાણ વધારે છે.

4. જમીન : રસાળ અને ફળદ્રુપ જમીનમાં વિવિધ પાકો સરળતાથી લઈ શકાય છે, અહીં કૃષિઉત્પાદન વિપુલ પ્રમાણમાં થાય છે. નદીઓના ખીણ પ્રદેશોની જમીન ખૂબ જ ફળદ્રુપ હોવાથી અહીં વસ્તીનું પ્રમાણ વધારે હોય છે.

### 3. વસ્તીગીચતા પર અસર કરતાં પરિબળો જણાવી, ભૌગોલિક પરિબળોની ચર્ચા કરો. (March 18)

- ભૌગોલિક પરિબળો, આર્થિક પરિબળો, સામાજિક અને ધાર્મિક પરિબળો તથા રાજકીય પરિબળો અસર કરે છે. વસ્તીગીચતા પર અસર કરતાં ભૌગોલિક પરિબળો તપાસીએ. અક્ષાંશ, ભૂપૃષ્ઠ, આબોહવા, જમીન વગેરે ભૌગોલિક પરિબળો છે, જે વસ્તીગીચતા પર અસર કરે છે.

  1. અક્ષાંશ : ઊંચા અક્ષાંશવાળા પ્રદેશોમાં તાપમાન નીચું રહે છે. તેથી ત્યાં અતિશય ઠંડી હોવાના કારણે માનવ વસ્તી ઓછી હોય છે. અલાસ્કા અને સાઈબીરિયા તેનાં ઉત્તમ ઉદાહરણો છે. સમશીતોષ્ણ કટિબંધની આબોહવા માનવજીવન માટે ખૂબ જ અનુકૂળ હોવાથી અહીં વસ્તીનું પ્રમાણ વધુ છે.

  2. ભૂપૃષ્ઠ : ઊંચાઈવાળાં ક્ષેત્રો માનવવસવાટ માટે પ્રતિકૂળ છે. અહીં સમતલ ભૂમિ, સિંચાઈની સગવડો કે પરિવહન સેવાઓનો અભાવ હોવાથી વસ્તીનું પ્રમાણ અલ્પ માત્રામાં હોય છે. ઊંચાઈવાળાં ક્ષેત્રોની તુલનામાં સપાટ મેદાની પ્રદેશોમાં ખેતી, પરિવહન, ફળદ્રુપ જમીન, પાણીનો પુરવઠો વગેરે નૈસર્ગિક અનુકૂળતાઓને કારણે આવા મેદાની વિસ્તારોમાં વસ્તી ખૂબ ગીચ હોય છે.

  3. આબોહવા : રણપ્રદેશોની વિષમ આબોહવા, ધ્રુવપ્રદેશોની અતિશય ઠંડી, વિષુવવૃત્તીય જંગલોની ગરમ અને ભેજવાળી આબોહવા માનવવસવાટ માટે પ્રતિકૂળ છે. સમશીતોષ્ણ કટિબંધની સમધાત આબોહવા અને મોસમી આબોહવા ધરાવતા પ્રદેશોની આબોહવા માનવજીવન માટે અનુકૂળ હોવાથી અહીં વસ્તીનું પ્રમાણ વધારે છે.

  4. જમીન : રસાળ અને ફળદ્રુપ જમીનમાં વિવિધ પાકો સરળતાથી લઈ શકાય છે, અહીં કૃષિઉત્પાદન વિપુલ પ્રમાણમાં થાય છે. નદીઓના ખીણ પ્રદેશોની જમીન ખૂબ જ ફળદ્રુપ હોવાથી અહીં વસ્તીનું પ્રમાણ વધારે હોય છે,

### 4. માનવવિકાસ એટલે શું? તેના માપન વિશે સમજૂતી આપો.

- માનવવિકાસ એટલે માનવની વિકાસ આકાંક્ષાઓ અને જરૂરી હોય તેવી જીવનનિર્વાહની સુવિધાઓ વિસ્તારવાની પ્રક્રિયા. માનવવિકાસનો મુખ્ય હેતુ જીવનની ગુણવત્તાને વધારે સારી બનાવવાનો કે ઊંચે લઈ જવાનો છે, જીવનની ગુણવત્તાને ઊંચે લઈ જવા માટે ખોરાક, વસ્ત્ર અને રહેઠાણ વગેરે પાયાની જરૂરિયાતો સંતોષવી જરૂરી છે. ત્યારપછીના ક્રમે આરોગ્ય, શિક્ષણ, મનોરંજન વગેરે સેવાઓ આવે છે.
- માથાદીઠ આવક વધવા માત્રથી માનવવિકાસ થતો નથી, પણ તે આવકનો યથાર્થ ઉપયોગ કરવાની કુનેહ વધવી જોઈએ. માનવવિકાસ માટે સમાનતા, સ્થિરતા, ઉત્પાદકતા અને સશક્તીકરણ આ ચાર બાબતો પાયારૂપ છે. રાષ્ટ્રની ઓછી વસ્તી, કુદરતી સંસાધનોની વિપુલતા, સંસાધનોના ઉપયોગની પૂરતી ક્ષમતાઓ વગેરે પરિબળો માનવવિકાસ માટે મદદરૂપ બને છે.

- પ્રજાની ત્રણ આકાંક્ષાઓ હોય છે : (1) લાંબું અને તંદુરસ્ત જીવન, (2) સાક્ષર અને સારસ્વત બનવું તથા (3) ઉત્તમ જીવન માટેના આવશ્યક સંસાધનો અને આવક ઉપલબ્ધ કરવાં. માનવવિકાસને અમેરિકન ડૉલરની ખરીદશક્તિથી મૂલવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 1990થી દર વર્ષે માનવવિકાસનો સૂચકાંક નક્કી કરવામાં આવે છે. વર્ષ 2015માં બહાર પાડવામાં આવેલા માનવવિકાસ અહેવાલમાં 188 દેશોનો સુચકાંક જાહેર કરવામાં આવ્યો છે. જેમાં નૉર્વે પ્રથમ ક્રમે છે, ત્યારબાદ ઑસ્ટ્રેલિયા અને સ્વિટ્ઝરલૅન્ડ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને આવે છે. માનવવિકાસનું માપન :
- માનવવિકાસના માપન માટેના ત્રણ નિર્દેશકો છે : (1) અપેક્ષિત આયુષ્ય સૂચકાંક, (2) શિક્ષણ સુચકાંક અને (3) આવક સૂચકાંક. ઉપરના ત્રણ નિર્દેશકોને આધારે ગણતરી કરી 0 થી 1 વચ્ચેના સુચકાંકનું નિર્ધારણ કરાય છે. આ આંક દેશ દેશ વચ્ચેના માનવવિકાસ અંતરને પ્રતિબિંબિત કરે છે.માનવવિકાસની સંકલ્પના અને તેના માપનની પ્રવિધિ પાકિસ્તાનના અર્થશાસ્ત્રી મહબૂલઉલહક અને ભારતીય મૂળના નોબેલ પારિતોષિકથી સન્માનિત અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન દ્વારા વિકસાવવામાં આવી છે.

## 5. વસ્તીગીચતા પર અસર કરતાં આર્થિક પરિબળો ચર્ચો. (March 19)

- વસ્તીગીચતા પર ભૌગોલિક પરિબળો, આર્થિક પરિબળો, સામાજિક અને ધાર્મિક પરિબળો તથા રાજકીય પરિબળો અસર કરે છે.
- વસ્તીગીચતા પર અસર કરતાં આર્થિક પરિબળો નીચે મુજબ છે : 1, ખનીજ સંપત્તિ, 2. વનસ્પતિ, 3, પાણી પુરવઠો અને તેની પ્રાપ્તિ, 4. સિચાઈની સગવડ, 5. પરિવહન અને 6, ઔદ્યોગિક વિકાસ

  1. ખનીજ સંપત્તિ : અતિ વિષમ કે પ્રતિકૂળ આબોહવાનાં ક્ષેત્રોમાં પણ જો કીમતી ખનીજો મળી આવે, તો માનવી ત્યાં અનેક ઉપાયો પ્રયોજીને વસે છે. પશ્ચિમ એશિયાના ગરમ રણપ્રદેશોમાં ખનીજ તેલ મળ્યા બાદ માનવીએ વસાહતો સ્થાપી છે.

  2. વનસ્પતિ : અણીદાર પાંદડાંવાળી વનસ્પતિવાળાં શકદમ વનોની આર્થિક ઉપયોગિતા વધારે હોવાથી તેના દોહન માટે અનેક માનવીઓ જંગલોમાં રહે છે,

  3. પાણી પુરવઠો અને તેની પ્રાપ્તિ : પાણી પીવામાં, રસોઈ, સાફસફાઈ, સિંચાઈ, ઉધોગો, પશુપાલન વગેરે માટે તેની જરૂરિયાત રહે છે. પાણીનો નિરંતર પુરવઠો માનવ વસવાટને માટે મોટું આકર્ષણ છે. પ્રાચીન સમયથી નદીકિનારે કે સરોવર કાંઠે માનવીએ વસાહતો સ્થાપી છે.

  4. સિંચાઈની સગવડ : સિંચાઈની સગવડોવાળાં ક્ષેત્રોમાં વર્ષમાં એકથી વધારે પાકો લઈ શકાય છે. આવાં ક્ષેત્રોમાં આર્થિક વિકાસની તકો વધારે ઉપલબ્ધ હોવાથી વસ્તી વધારે જોવા મળે

  5. પરિવહન : જ્યાં પરિવહન સપ્ત, વિકસિત અને સહજ ઉપલબ્ધ હોય તેવાં ક્ષેત્રોમાં વસ્તી ગીચ હોય છે. અહી ઉદ્યોગો, વેપાર, વાણિજ્યની પ્રવૃત્તિઓનો સારો વિકાસ થાય છે. પરિવહનને આધારે થતું ઘોગિકીકરણ રોજગારીની તકો ઊભી કરે છે. તેથી અહી લોકો વધુ વસવાટ કરે છે.

  6. ઔદ્યોગિક વિકાસ : ઘોગિક કેન્દ્રો કાળક્રમે મોટાં ઔદ્યોગિક શહેરોમાં તબદીલ થાય છે. ઉદ્યોગો માટે વધુ સંખ્યામાં કામદારોની જરૂર પડે છે. રોજગારી માટેના સ્થળાંતરણથી ઔદ્યોગિક શહેરો ગીચવસ્તીવાળાં બની જાય છે.